આકાશવાણી ભુજ

સમાચાર વાચક : કૃપાલી મહેચ્છા

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-26-06-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

## લોકસભા અધ્યક્ષ

ભાજપના વરિષ્ઠ નેતા અને ગઇ લોકસભામાં અધ્યક્ષ ઓમ બિરલા 18મી લોકસભામાં પણ આ હોદ્દા માટે એનડીએનાં ઉમેદવાર છે, જ્યારે વિરોધ પક્ષના ઇન્ડિયા ગઠબંધને કોંગ્રેસના આઠ વારના સાંસદ કે સુરેશને મેદાનમાં ઉતાર્યા છે. બંને ઉમેદવારોએ ગઈકાલે લોકસભાના અધ્યક્ષનાં હોદ્દા માટે પોતાનાં ઉમેદવારી પત્રો ભર્યા હતા, જેની ચૂંટણી આજે યોજાશે.

અગાઉ, આ હોદ્દા માટે સરકાર અને વિરોધ પક્ષ સર્વાનુમતિ સાધવામાં નિષ્ફળ ગયા હતા. સરકારનાં કહેવા પ્રમાણે કોંગ્રેસે ઓમ બિરલાની ઉમેદવારીને ટેકો આપતા પહેલાં નાયબ અધ્યક્ષનું નામ જાહેર કરવાનો આગ્રહ રાખ્યો હતો. વિરોધ પક્ષની આ શરતને સરકારે ફગાવી દીધી હતી.

**RNU અમદાવાદ**

---

## સા. બજેટ સીતારમણ

કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણે ગઈકાલે આગામી સામાન્ય બજેટ પૂર્વે નવી દિલ્હીમાં વેપાર અને સેવા ક્ષેત્રના પ્રતિનિધિઓ સાથે સાતમી બેઠક યોજી હતી. આ બેઠકમાં કેન્દ્રીય નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરી, મુખ્ય આર્થિક સલાહકાર વી અનંત નાગેશ્વરન, નાણા સચિવ ટી.વી. સોમનાથ, ખર્ચ વિભાગના સચિવ અને આર્થિક બાબતોના વિભાગ તથા વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના સચિવો

ઉપસ્થિત રહ્યા હતા. એક અન્ય બેઠકમાં શ્રીમતી સિતારમણે રોજગાર અને કૌશલ્ય વિકાસનાં ક્ષેત્રોનાં નિષ્ણાતો સાથે વિચાર વિમર્શ કર્યો હતો.

RNU અમદાવાદ

---

## શાળા પ્રવેશ ઉત્સવ

આજથી રાજ્યમાં ૨૧મો શાળા પ્રવેસોત્સવ કન્યા કેળવણી મહોત્સવ ૨૦૨૪-૨૫' ઉજવણી ઉલ્લાસમય શિક્ષણની થીમ સાથે યોજાશે.. રાજ્યના ૩૩ જિલ્લાઓના ૨૫૪ બ્લોક્સ ૩ હજાર ૨૪૭ ક્લસ્ટર્સ અને ૫૪ હજાર શાળાઓમાં યોજાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ડાંગ જીલ્લાના બિલીઆંબા ગામેથી શાળા પ્રવેશોત્સવનો આરંભ કરાવશે.

ત્યારે કચ્છમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં **59** હજાર વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ કરાવાશે. જેમાં બાળવાટિકા અને પ્રાથમિક શાળામાં **37** હજાર અને માધ્યમિક શાળામાં **22** હજાર છાત્રોને વાજતે ગાજતે શાળામાં પ્રવેશ અપાશે.

RNU અમદાવાદ

---

## નશાકારક જથ્થો

સરહદ સુરક્ષા દળને નશાકારક પદાર્થોનો જથ્થો પકડવામાં સફળતા મળી છે. ગઈકાલે એક શોધખોળ દરમિયાન બીએસએફે  ભુજમાં જખૌ દરિયાકાંઠે આવેલા એક અલગ ટાપુમાંથી શંકાસ્પદ **20** પેકેટો જપ્ત કર્યા હતા..

બીએસએફની એક ટુકડી આ ટાપુમાં સર્ચ ઓપરેશન કરી રહી હતી તે દરમિયાન નશાકારક દ્રવ્યોના **20**  પેકેટ મળી આવ્યાં હતાં.. સરહદ સુરક્ષા દળ  દ્વારા **14**મી જૂનથી અત્યાર સુધી ડ્રગ્સના **170** પેકેટો મળી આવ્યાં છે.. બીએસએફ દ્વારા ભુજમાં દરિયાકાંઠે આવેલા અલગ-અલગ ટાપુઓ અને ખાડી વિસ્તારની સઘન શોધખોળ ચાલી રહી છે.

-----------------------------------------------------------------------

## હવામાન - વરસાદ

હવામાન વિભાગે પાંચ દિવસ કચ્છમાં કેટલાંક સ્થળે હળવાથી મધ્યમ વરસાદ વરસશે તેવી આગાહી કરી છે. રાજ્ય પર સર્જાયેલા અલગ અલગ ત્રણ સર્ક્યુલશેનની અસર છે. ત્યારે સર્ક્યુલેશનની અસરથી રાજ્યની સાથે કચ્છમાં વરસાદી માહોલ છવાયેલો રહ્યો હતો. છેલ્લા ત્રણ દિવસથી સખત ઉકળાટ અનુભવતા વાગડવાસીઓ માટે રાત્રે આઠ વાગ્યાના અરસામાં વરસાદનું જોરદાર ઝાપટું પડયું હતું, જેમાં રાપર, રવ, નંદાસર, ત્રંબૌ, સેલારી, કલ્યાણપર, આડેસર, કાનમેર, લોદ્રાણી સહિતના વિસ્તારોમાં વરસાદી ઝાપટાં વરસ્યાં હતાં. ગાજવીજ સાથે જોરદર ઝાપટાંથી વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. રાત્રિના ગાંધીધામ, આદિપુરમાં પવન, વીજળીના કડાકા-ભડાકા સાથે મોસમના પ્રથમ વરસાદનું આગમન થયું હતું. ધીમીધારે વરસાદ વરસવાનું શરૂ થયું હતું. જેના કારણે ચાવલાચોક, મુખ્ય બજાર, ભાઇપ્રતાપ સર્કલ, નીચાણવાળા વિસ્તારો સુંદરપુરી, ભરતનગર સહિતના વિસ્તારોમાં જળભરાવની સ્થિતિ સર્જાઈ હતી. અંજાર તાલુકામાં વેગીલા પવન સાથે આવેલા વરસાદના કારણે રસ્તા પર પાણી વહી નીકળ્યાં હતાં. મોડી રાત્રે ભુજ - માધાપર સહિતના વિસ્તારોમાં ભારે પવન સાથે વીજળીના કડાકા - ભડાકા સાથે વરસાદી ઝાપટું પડયું હતું. ઝાપટાની સાથે જ શહેરના અનેક વિસ્તારોમાં વીજળી ડૂલ થવાની સમસ્યા સર્જાઈ હતી.

RNU અમદાવાદ

-----------------------------------------------------------------------

## નીટ પરીક્ષા

ગોધરામાં નીટની પરીક્ષામાં ગેરરીતીના મામલે ગોધરા પહોંચેલી સીબીઆઇની ટીમે તપાસ શરૂ કરી દીધી છે. ફરિયાદની નકલ અને દસ્તાવેજો હસ્તગત કરવામાં આવ્યા છે તેની તપાસ સીબીઆઇની ટીમ કરી રહી છે. આ ઉપરાંત જે

નિવેદનો લેવાયા છે તેની પણ વિગતવાર માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે..

RNU અમદાવાદ

--------------------------------------------------------------------------------

RNU BHUJ